| Publication : Satellite Samachar | Edition : Ahmedabad |
| --- | --- |
| Date : December 04, 2019 | Page: 3 |



## બેંક ઓફ બરોડાએ ટેબ્લેટ દ્વારા કરન્ટ એકાઉન્ટ ખોલવા અને પ્રી-એપ્રૂવ્ડ પર્સનલ લોન પ્રોડક્ટ બરોડા ટેબઈટ શરૂ કર્યું

મુંબઈ : ભારતની બીજી સૌથી મોટી સરકારી બેંક, બેંક ઓફ બરોડાએ ટેબ્લેટ દ્વારા રિટેલ જવાબદારી અને રિટેલ એસેટે ઉત્પાદનોનું ડિજિટાઈઝેશન કરવા ''બરોડા ટેબઈટ'' શરૂ કરવાની જાહેરાત કરી છે. બેંક ઓફ બરોડા નવીન ડિજિટલ ઓફરોકરે છે તથા ''કરન્ટ એકાઉન્ટ ઓપનિંગ'' અને ''પ્રી એપ્રૂવ્ડ પર્સનલ લોન'' એની ડિજિટલ પરિવર્તનની સફરનો ભાગ છે. બેંક ઓફ બરોડાએ તરત ખાતું ખોલાવવા માટે ટેબ્લેટ દ્વારા એનાં કરન્ટ એકાઉન્ટ ગ્રાહકને બોર્ડ પાર લેવાની પ્રક્રિયાની ડિજિટાઈઝેશનની સફર શરૂ કરી છે. એનો ઉદ્દેશ પરંપરાગત માધ્યમોની સરખામણીમાં બેંકિંગનો શ્રેષ્ઠ અનુભવ પ્રદાન કરવાનો અને ગ્રાહકોને બોર્ડ પર લેવાની પ્રક્રિયા સરળ કરવાનો છે. આ સુવિધા સોલે પ્રોપ્રાઈટરશિપ અને વ્યક્તિગત કરન્ટ ખાતાધારકો માટે ઉપલબ્ધ થશે તથા પાર્ટનરશિપ અને લિમિટેડ કંપનીઝને આ સુવિધા આપશે, જે ઉદ્યોગમાં વિશિષ્ટ ઓફર છે.